**રાજ્યમાં આવેલ અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ, બિન સરકારી ગ્રાન્ટેડ અધ્યાપન મંદિર, બાલ અધ્યાપન મંદિર અને પ્રાયોગિક શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપવા બાબત.**

**ગુજરાત સરકાર**

**શિક્ષણ વિભાગ**

**ઠરાવ ક્રમાંક-ED/OTH/e-file/3/2022/5199/N**

**સચિવાલય, ગાંધીનગર,**

**તા. /૦૪/૨૦૨૫**

**વંચાણે લીધાઃ-**

**(૧)** શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૭/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ ખપશ-૧૦-૨૦૧૪-૭૫૭૭૦-ચ

**(૨)** શિક્ષણ વિભાગનો તા.૨૭/૦૬/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ ટીસીએમ-૧૪-૨૦૧૪-૨૮૦૭૮૨-ન

**(૩)** શિક્ષણ વિભાગનો તા.૨૭/૦૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ પ્રાશિનિ-૧૪૧૭-૧૦૨૪-ન

**(૪)** શિક્ષણ વિભાગનો તા.૧૯/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ

**(૫)** શિક્ષણ વિભાગનો તા.૨૭/૦૨/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક-બમશ/૨૦૧૮/૨૩૩૯૮/ગ

**(૬)** પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીનો તા.૦૩/૧૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક-પ્રાશિનિ-ખ-૨/ગુ.વિ./ફા.૨/૨૦૨૨

**પ્રસ્તાવનાઃ-**

રાજ્યમાં આવેલી અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં પુરતા વિદ્યાર્થીઓ ન મળવાને કારણે વર્ગો બંધ થવાના કારણોસર તા.૩૧/૦૩/૨૦૧૬સુધી નિમણૂંક પામેલ શિક્ષકોને શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના ઠરાવથી ફાજલનું રક્ષણ આપવામાં આવેલ છે. બિન સરકારી ગ્રાન્ટેડ અધ્યાપન મંદિર/બાલ અધ્યાપન મંદિરમાં પુરતા વિદ્યાર્થીઓ ન મળવાને કારણે વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના ઠરાવથી તા.૩૦/૦૬/૧૯૯૮ થી તા.૩૧/૦૩/૨૦૧૬ના સમયગાળા દરમ્યાન નિમણૂંક પામેલ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપવામાં આવેલ છે. બાલ અધ્યાપન મંદિરમાં ચાર પ્રિ-પી.ટી.સી. કોલેજોમાં ૧૦ થી ઓછા વિદ્યાર્થીઓની સંખ્યાના કારણે બંધ કરી શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના ઠરાવથી ફાજલનું રક્ષણ આપવામાં આવેલ છે. રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને વર્ગ ઘટાડો થતાં અથવા શાળા બંધ થવાને કારણે શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના ઠરાવથી કાયમી ધોરણે ફાજલના રક્ષણનો લાભ આપવામાં આવેલ છે. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક(૬) સામેના પત્રથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને કાયમી ધોરણે ફાજલના રક્ષણનો લાભ આપવામાં આવેલ છે. તેવીજ રીતે રાજ્યમાં આવેલ અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ, બિન સરકારી ગ્રાન્ટેડ અધ્યાપન મંદિર, બાલ અધ્યાપન મંદિર અને પ્રાયોગિક શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને કાયમી ધોરણે ફાજલના રક્ષણનો લાભ આપવા અંગેની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે, રાજ્યમાં આવેલ અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ, બિન સરકારી ગ્રાન્ટેડ અધ્યાપન મંદિર, બાલ અધ્યાપન મંદિર અને પ્રાયોગિક શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને વર્ગ ઘટાડો કે શાળા બંધ થવાની સ્થિતિમાં, કે પુરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓ ન મળવાને કારણોસર ફાજલ તરીકેનું રક્ષણ આપવાનું આથી નીચેની શરતોને આધીન ઠરાવવામાં આવેલ છે.

**શરતોઃ-**

**(૧)** આ ઠરાવની જોગવાઈઓ રાજ્યમાં આવેલ અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ, બિન સરકારી ગ્રાન્ટેડ અધ્યાપન મંદિર, બાલ અધ્યાપન મંદિર અને પ્રાયોગિક શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ(ફિક્સ પગારથી નિમણૂંક પામતા કર્મચારીઓ સહિત)ને લાગુ પડશે.

**(૨)** વર્ગ ઘટાડો કે શાળા બંધ થવાની સ્થિતિમાં કે પૂરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓ ન મળવાને કારણે શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ફાજલ જાહેર કરવાની તથા ફાજલ તરીકે અન્ય શાળામાં સમાવવા અંગેની કામગીરી સબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે.

**(૩)** સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ, વય નિવૃત્ત થયેલ તેમજ અવસાન પામેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના કેસ કોઈ પણ સંજોગોમાં ધ્યાને લેવાના રહેશે નહિ.

**(૪)** રાજ્યમાં આવેલ અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ, બિન સરકારી ગ્રાન્ટેડ અધ્યાપન મંદિર, બાલ અધ્યાપન મંદિર અને પ્રાયોગિક શાળાના ફાજલ જાહેર થયેલ આચાર્યને સમાવવા બાબતે શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૫) સામેના તા.૨૭/૦૨/૨૦૧૯ના પરિપત્રની સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

**(૫)** ફાજલ થયેલ શૈક્ષણિક કર્મચારીઓને તેઓના સબંધિત વિભાગ અને વિષયની જગ્યા પર સમાવવાના રહેશે એટલે કે ખાનગી પ્રાથમિક શાળાઓના કર્મચારીઓને ખાનગી પ્રાથમિક શાળાઓમાં તેઓના સબંધિત વિષયની જગ્યા પર અને બિન સરકારી ગ્રાન્ટેડ અધ્યાપન મંદિર, બાલ અધ્યાપન મંદિર અને પ્રાયોગિક શાળાના કર્મચારીઓને બિન સરકારી ગ્રાન્ટેડ અધ્યાપન મંદિર, બાલ અધ્યાપન મંદિર અને પ્રાયોગિક શાળામાં તેઓના સબંધિત વિષયની જગ્યા પર સમાવવાના રહેશે.

**(૬)** ફાજલ થયેલ કર્મચારીઓને જે જિલ્લામાંથી ફાજલ થયેલ હોય તે જ જિલ્લાની અન્ય બિન સરકારી અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, અધ્યાપન મંદિર, બાલ અધ્યાપન મંદિર અને પ્રાયોગિક શાળામાં તે જ વિષયની ખાલી જગ્યા પર સમાવવાના રહેશે જો તે જિલ્લામાં જગ્યા ખાલી ન હોવાના સંજોગોમાં બાજુના જિલ્લાની બિન સરકારી અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, અધ્યાપન મંદિર, બાલ અધ્યાપન મંદિર અને પ્રાયોગિક શાળામાં તે જ વિષયની ખાલી જગ્યા પર સમાવવાના રહેશે અને તે પ્રમાણે પણ ખાલી જગ્યા ન હોય તો રાજ્યના ગમે તે જિલ્લાની બિન સરકારી અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, અધ્યાપન મંદિર, બાલ અધ્યાપન મંદિર અને પ્રાયોગિક શાળાના કર્મચારીઓને ખાલી જગ્યા પર સમાવવાના રહેશે. ફાજલ કર્મચારીઓને જિલ્લા બહારની શાળામાં સમાવવાની કામગીરી પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીએ કરવાની રહેશે.

**(૭)** જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ફાજલ શિક્ષક/કર્મચારીને સંસ્થા દ્વારા હાજર ન કરવામાં આવે તેવા કિસ્સાઓમાં શાળાની નોંધણી રદ કરવા અંગેની નિયમોનુસારની કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે.

**(૮)** ફાજલ થયેલ કર્મચારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા ફાળવવામાં આવેલ જગ્યા પર હાજર નહિ થાય તો તેમનું ફાજલનું રક્ષણ રદ કરાવનું રહેશે અને તેમની નોકરીના વર્ષને ધ્યાને લીધા વિના મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૯ની જોગવાઈ પ્રમાણે નોકરીમાંથી છૂટા કરવાના રહેશે.

**(૯)** ફાજલનું રક્ષણ મેળવનાર કર્મચારી જેટલો સમય કામગીરી વિના ફાજલ રહે તેટલા સમયગાળાના પગાર ભથ્થા મળવાપાત્ર રહેશે નહિ તેમજ આ સમયગાળો કોઈ પણ સેવાકીય લાભો માટે ગણતરીમાં લેવાનો રહેશે નહિ.

**(૧૦)** સરકારના ઠરાવ કે પરિપત્રો કે અન્ય કોઈ પણ જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોય તો પણ બીજી કોઈ પણ શાળામાં જગ્યા ન હોય તો કન્યા શાળામાં પણ પુરુષ કર્મચારીને ફાળવવાનો રહેશે અને કન્યા શાળાએ સ્વીકારવાના રહેશે.

**(૧૧)** ભાષાકીય કે ધાર્મિક લઘુમતીના પાયા પર રચાયેલ સંસ્થા દ્વારા સંચાલિત શાળાઓમાંથી ફાજલ થયેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીને અન્ય લઘુમતિ શાળામાં સમાવવાના રહેશે.

**(૧૨)** કોઈ પણ શાળામાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીની જગ્યા ભરવાના પ્રસંગે રોસ્ટર પોઈન્ટ પ્રમાણે જે તે જગ્યા અનામત કક્ષાના ઉમેદવારથી ભરવાની થતી હોય અને જે તે વિષયના ફાજલ કર્મચારી જિલ્લામાં ઉપલબ્ધ ન હોય તો તેવા સંજોગોમાં જગ્યા ઉપલબ્ધ ફાજલ કર્મચારીથી જે તે જગ્યા ભરવાની રહેશે અને રોસ્ટર પોઈન્ટ આગળ ખેંચી લેવાનો રહેશે.

**(૧૩)** કોઈ પણ કર્મચારી ફાળવણી વગર ફાજલ ન રહે અને કામગીરી વિના ન રહે તેની તમામ તકેદારી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ રાખવાની રહેશે અને આવા કોઈ કેસ ધ્યાને આવવાની સ્થિતિમાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી ગણવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર સરકારશ્રીની તા.૦૯/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(કે.વી.પટેલ)**
**નાયબ સચિવ,**
**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર**

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન. રાજ્યકક્ષાના મત્રીશ્રી, (શિંક્ષણ)ના અગત સચિવશ્રી, સચિવાલય, ગાધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પ્રા.શિ. અને મા.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ/ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનલરશ્રી, રાજકોટ/અમદાવાદ,
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત),
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર વેબસાઈટ પર અપલોડ કરવા સારુ.
- શાખા સિલેક્ટ ફાઈલ.

*Signature Not Verified*

*Signed by:K V PATEL*
*Deputy Secretary*
*Date:2025.04.24*
*13:43:22 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*